ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
E-mail : info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેકસઃ ૨૩૫૦૧૨
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E C.-Minuts 29th Aug '19 / 768

તા. ૧૧/૧૦/'૧૯

પ્રતિ,

માનનીય કુલપતિશ્રીનાં અંગત કાર્યાલય,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ – કચ્છ.

**વિષય :** ગત **તારીખ ૨૯મી ઓગષ્ટ ૨૦૧૯નાં** રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને **તારીખ ૨૯મી ઓગષ્ટ ૨૦૧૯ના** રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**
ઈ/ચા કુલસચિવ
**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી**
**ભુજ-કચ્છ.**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :**
૧. માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ જાણ સારૂ.
૨. માનનીય કુલસચિવશ્રીનાં કાર્યાલય તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૩. અધ્યક્ષશ્રી, તમામ શૈક્ષણિક ભવનો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૪. વડાશ્રી, તમામ વહીવટી વિભાગો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# તારીખ ૨૯મી ઓગષ્ટ ૨૦૧૯નાં રોજ સવારે ૧૧ :૦૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસ ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૨૯મી ઓગષ્ટ ૨૦૧૯ને ગુરૂવારનાં સવારે ૧૧ : ૦૦ કલાકે કુલપતિશ્રીના કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક, માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકારવામા આવ્યા અને ત્યાર બાદ, આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ અને હોદ્દો | હાજર / ગેરહાજર |
|---|---|
| પ્રો.ડૉ. ડી. સી. ધોળકિયા **–અધ્યક્ષશ્રી**<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન, **–સભ્યશ્રી**<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન, **–સભ્યશ્રી**<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| પ્રો.ડૉ.શ્રી ડી.એમ.બકરાણીયા **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| પ્રો. ડૉ.શ્રી પી. એસ.હિરાણી **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એસ.જી.ધર્માણી **–સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એમ.કે.પંડયા **–સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ કોમર્સઆદિપુર –કચ્છ | હાજર |
| પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠકકર **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. **–સભ્યશ્રી**<br>એસોસીયેટ પ્રોફેસર, ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ | હાજર |
| શ્રી પ્રવિણભાઈ વી. પિંડોરીયા **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ – કચ્છ. | હાજર |
| શ્રી અરૂણભાઈ એચ.ભીન્ડે **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, આદિપુર –કચ્છ. | હાજર |
| પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠકકર **–મેમ્બર સેક્રેટરી**<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.) | હાજર |

**૧. ગત સભાઓની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

ગત **તારીખ ૨૯મી જુન ૨૦૧૯**ના રોજની સભાની મિનિટ્સ નોંધ તથા **તારીખ ૪થી જુલાઈ ૨૦૧૯**ના રોજની ખાસ સભાની મિનિટ્સ નોંધના વાંચનની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ગત તારીખ ૨૯મી જુન ૨૦૧૯ના રોજની સભાની મિનિટ્સ નોંધ, સભ્યશ્રી ડૉ.એમ.કે.પંડયા ગેર હાજર હોવા છતાં શરતચૂકથી તેઓને હાજર દર્શાવવામા આવેલ હતાં માટે સદર સુધારણા બાદ, બાકી નોંધ બહાલી અર્થે હવે પછીની બેઠકમાં મૂકવી તથા તારીખ ૫મી જુન ૨૦૧૯ના રોજની મળેલ ખાસ સભાની મિનિટ્સ નોંધ અન્વયે, સંબંધિત કર્મચારીઓ દ્વારા રજૂ કરાયેલ ખૂલાસા ગ્રાહ્ય રાખવામા આવતા નથી માટે તેઓને તા. ૨૯/૦૬/૧૯ના રોજના કાર્યાલય આદેશનાં પરિપાલન હેતુ ફેર આદેશ આપવાનું ઠરાવતા બહાલ રાખવામાં આવે છે.**

**૨. બાંધકામ શાખાની તા.૨૧/૮/૧૯નાં રોજની રજૂઆત બાબત :**

બાંધકામશાખાનાં તા. ૨૧/૮/૧૯નાં પત્રથી થયેલ રજૂઆત સંબંધે મુદ્દા દીઠ થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**બાબત–૧ :** વર્ષ ૨૦૧૯–૨૦ માટેની વાર્ષિક જરૂરિયાતને ધ્યાને (૧) કેમ્પસ પર કેન્ટીન ચલાવવાનું ટેન્ડર, (૨) એ.સી., વોટર કુલર અને ફ્રિઝ રીપેરીંગ તથા સર્વિસ ટેન્ડર, (૩) કોમ્પ્યુટર પેરીફરલ્સ એસેસરિઝ તથા પ્રિન્ટર સર્વિસ ટેન્ડર, (૪) મિનરલ વોટર પુરું પાડવાનું ટેન્ડર અને (૫) કુરીયર સર્વિસ ટેન્ડર અને (૬) કેમ્પસ પર ઝેરોક્ષ અને સ્ટેશનરી શોપ ચલાવવાનું ટેન્ડર મળેલ છે. જેને ઓપન કરી આગળની કાર્યવાહી બાબત.

**ઠરાવ : ૨.૧ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સંબંધિત સમિતિઓનાં અહેવાલ સાથે ફેર રજૂઆત કરવી.**

**બાબત–૨ :** કેન્ટીન ચલાવવાના ટેન્ડરમાં એક પણ પાર્ટીનું ટેન્ડર મળેલ નથી. આ બાબતે કેન્ટીનની સુવિધા વધારવા, ભાડાં બાબતે વિચારણાં કરવા તથા શરતોમાં ફેરફાર અંગે.

**ઠરાવ : ૨.૨ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, નિયત શરતો જ કેન્ટીનની વ્યવસ્થા ઉભી કરવા માટે વધુ એક પ્રયત્ન રૂપે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવી.**

**બાબત–૩ :** પ્લમ્બર તરીકે ફરજ બજાવતાં શ્રી રામજીભાઈ હિરાણીની કામગીરી સંતોષકારક ન હોવાથી આ સાથે સામેલ ફરિયાદને ધ્યાને લઈ યોગ્ય કરવા અંગે.

**ઠરાવ : ૨.૩ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, પગાર વધારા સમિતિએ કાર્યદક્ષતા વિશે માહિતિ મેળવવાની રહે માટે સદર સમિતિનાં અહેવાલ સહ ફેર રજૂઆત કરવી.**

**બાબત–૪ :** બાંધકામ શાખાની કામગીરીનું ભારણ સતત વધતું જાય છે. સમયમર્યાદામાં કરવાના થતાં કાર્યો કરવા તથા કામગીરીની વધતા જતા ભારણને કારણે વ્યવસ્થિત અને સુચારુરીતે કામગીરી સમયસર થાય તે માટે અગાઉ આઉટસોર્સિંગમાંથી એસ્ટેટ વિભાગ માટે એક કલાર્ક તથા એક પટાવાળા, ગેસ્ટ હાઉસ ખાતે એક પટાવાળા ફાળવવામાં આવેલ. પરંતુ એજન્સીનો કોન્ટ્રાકટ પૂર્ણ થતાં કર્મચારીઓને છુટા કરવામાં આવેલ છે. જેથી બે પટાવાળા તથા એક કલાર્કની સ્ટાફ ઘટ થયેલ છે. આ સ્ટાફ ઘટ નિવારણ કરવા અંગે. આ સાથે અમારી રજૂઆત સામેલ છે.

**ઠરાવ : ૨.૪ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, હાલના તબક્કે યથા પરિસ્થિતિ જાળવી રાખવી.**

**બાબત–૫ :** કોન્ફરન્સ હોલ માટે સાઉન્ડ સિસ્ટમ ખરીદવા અંગે.

**ઠરાવ : ૨.૫ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સંબંધિત સમિતિઓનાં અહેવાલ સાથે ફેર રજૂઆત કરવી.**

**બાબત–૬ :** ખરીદ સમિતિ, બાંધકામ સમિતિ તથા નાણાં સમિતિના સભ્યો નિયુકત કરવા અંગે.

**ઠરાવ : ૨.૬ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સંબંધિત સમિતિઓની રચના જરૂરિયાત મુજબ સુધારણા કરવામા આવેલ છે જ, અને હોદ્દાગત થયેલ ફેરફાર કરવા આથી બહાલી આપવામા આવે છે.**

**૩. યુવા મહોત્સવ ૨૦૧૯ના આયોજન ખર્ચ માટે એડવાન્સ રકમ ફાળવવા બાબત :**

દર શૈક્ષણિક વર્ષે યુવા મહોત્સવનું આયોજન હાથ ધરવામા આવે છે જે અન્વયે વર્ષ ૨૦૧૯–૨૦ સંદર્ભે યોજવાના થતાં યુવા મહોત્સવ'૨૦૧૯ માટેનાં આયોજન સંબંધે સાંસ્કૃતિક સમિતિની બેઠકમાં આ કામગીરી યુનિવર્સિટી પ્રયોજિત અને ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોમર્સ કોલેજ,ગાંધીધામના યજમાન પદે યોજવા નિયત કરવામા આવેલ હોય,સદર આયોજનના ખર્ચને પહોંચી વળવા માટે એડવાન્સ પેટે રૂ.૫,૦૦,૦૦૦/– ફાળવવા કોલેજ વતી થયેલ રજૂઆત અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત.

**ઠરાવ : ૩ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, દીન–પ્રતિદિન વધતી જતી મોંઘવારીને મધ્યે નજર રાખતાં, યુવા મહોત્સવ ૨૦૧૯નાં આયોજન ખર્ચ સંદર્ભે એડવાન્સ રકમ પેટે, સંબંધિત સંસ્થાને રૂ.૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પૂરા ફાળવવા.**

**સદર કામગીરી પૂર્ણ થયે સત્વરે ખર્ચ પેટે ફાળવેલ રકમ સબંધે આધાર–પૂરવાઓ તથા આયોજન સબંધિત અહેવાલ સાથે હિસાબો રજૂ કરવા.**

## ૪. કોમ્પ્યુટર શાખાની તા.૨૭/૮/૧૯નાં રોજની રજૂઆત બાબત :

કોમ્પ્યુટર શાખાનાં તા. ૨૭/૮/૧૯નાં પત્રથી થયેલ રજૂઆત સંબંધે મુદ્દા દીઠ થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

બાબત–૧ : કોમ્પ્યુટર વિભાગમાંથી રાજીનામુ આપીને ગયેલ બે પ્રોગ્રામરની જગ્યાએ નવા બે પ્રોગ્રામારની નિમણૂંક કરવા બાબત.

**ઠરાવ : ૪.૧ : આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,હાલના તબક્કે યથા પરિસ્થિતિ જાળવી રાખવી.**

બાબત–૨ : રોટરી વૉલસીટી સંસ્થા ભુજ દ્વારા થેલેસેમીયા અંગે અપાયેલ આવેદન પત્રની અમલવારી કરાવવા બાબત.

**ઠરાવ : ૪.૨: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સદર વિગતે રેડક્રોસનો સંપર્ક સાધી વિદ્યાર્થી દીઠ ખર્ચની વિગતો મેળવી અને ઓછા ખર્ચને ધ્યાને લઈ આગળની કાર્યવાહી હાથ ધરવી.**

## ૫. પરીક્ષા વિભાગની તા.૨૭/૮/૧૯નાં રોજની રજૂઆત બાબત :

પરિક્ષા વિભાગનાં તા. ૨૭/૮/૧૯નાં પત્રથી થયેલ રજૂઆત સંબંધે મુદ્દા દીઠ થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

બાબત–૧ : પરીપત્રનં.૩૦/૧૫–૧૬ના રેમ્યુનરેશન દરોમા જરૂરી સુધારા વધારા (ઉમેરો / કમી) કરવાની મંજૂરી અંગે

**ઠરાવ : ૫.૧ : આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,રેમ્યુનેરશનના દરો સુધારણા અર્થે નીચે મુજબની સમિતિની રચના કરવામા આવે છે.**

**૧. શ્રી અરૂણભાઈ એચ.ભીન્ડે**
**૨. ડૉ.શ્રી એસ.જી.ધર્માણી**
**૩. ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી.**
**૪. ડાં.જી.એ. બક્ષી**
**૫. ડાં.તેજલ શેઠ**

બાબત–૨ : યુનિવર્સિટીની ઓકટોમ્બર–ડિસેમ્બર–૧૯ની પરીક્ષાઓના કોપીકેસ નિકાલ માટે પરીક્ષાશુધ્ધિ સમિતિના સભ્યોના નામો નકકી કરવા અંગે.

**ઠરાવ : ૫.૨ : આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, માર્ચ–એપ્રિલ'૨૦૧૯ની પરીક્ષાઓ સંદર્ભે નોંધાયેલ કોપી કેસનાં નિકાલ માટે નિમાયેલ પરીક્ષા શુધ્ધિ સમિતિની ફેર રચના ઓકટોમ્બર–ડિસેમ્બર–૧૯ માટે પણ નોંધાનાર કોપી કેસ નિકાલ સંદર્ભે કરવામાં આવે છે.**

**બાબત–૩ :** યુનિવર્સિટીના કાયમી કર્મચારીને પરીક્ષા વિભાગની ખાનગી ફરજો [illegible]ને યુનિવર્સિટીના પરીપત્ર નં.૨૮/૧૪–૧૫ તા.૧૨/૦૩/૧૫ પ્રમાણે ૧૦% [illegible] ભથ્થુ ચૂકવવા અંગે.

પરીક્ષા ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

**<u>ઠરાવ : ૫.૩ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, હાલના તબક્કે યથા પરિસ્થિતિ જાળવી રાખવી.**

**બાબત–૪ :** ભાવેશ એસ.જોતવાની ખોટી માર્કશીટ બનાવવા અંગે..

**<u>ઠરાવ : ૫.૪ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સદર બાબત પરીક્ષા શુધ્ધિ સમિતિ સમક્ષ રજૂ કરવી.**

## ૬. હિસાબી શાખાની તા.૨૭/૮/૧૯નાં રોજની રજૂઆત બાબત :

હિસાબી વિભાગનાં તા. ৩১/৮/১৯নাં પત્રથી થયેલ રજૂઆત સંબંધે મુદ્દા દીઠ થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**બાબત–૧ :** યુનિવર્સિટી માં ઈનચાર્જ રજીસ્ટ્રાર,ઈનચાર્જ એકાઉન્ટ ઓફિસર,ઈનચાર્જ પરિક્ષાનિયામક આ દરેક ઈનચાર્જ તેના અલગ અલગશૈક્ષણિકભવનો માં કાર્યરત હોય છે,તેમ છતાં તેઓ આ ઈનચાર્જ ની જગ્યા નો વહીવટ સંભાળેલ જે તે વર્ષ માં તેમને ચાર્જ એલાઉન્સ સરકારી ગ્રાન્ટ માં થી આપવામાં આવેલ હતી. અને હાલે ઈનચાર્જ રજીસ્ટ્રાર ને અને ઈનચાર્જ વાઈસ ચાન્સીલર ને ચાર્જ એલાઉન્સ સરકારી ગ્રાન્ટમાંથી આપવામાં આવે છે.પરંતુ લોકલ ફંડનું ઓડિટ ચાલી રહેલ છે તેમાં તેઓના જણાવ્યા મુજબ આ ચાર્જ એલાઉન્સ આપવામાં આવે નહિં અથવા સરકારી ફંડમાં થી ચૂકવવું નહી જેથી ના.વર્ષ ૨૦૧૬–૧૭ થી અત્યાર સુધી માં જેટલું પણ ચાર્જ એલાઉન્સ ચૂકવવામાં આવેલ છે તેની રકમ સ્વભંડોળમાંથી રકમ ટ્રાન્સફર કરી અને ગ્રાન્ટ એકાઉન્ટમાં જમા કરવા અને હવે પછી થી આ રકમ સ્વભંડોળ માંથી ચૂકવવા માટે નિર્ણય લેવો.

**<u>ઠરાવ : ૬.૧ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે વિગતો તથા ઓડિટ પારા સામેલ રાખી ફેર રજૂઆત કરવી.**

**બાબત–૨ :** ઓન લાઈન ફી જે લેવામાં આવે છે તેનું એકાઉન્ટ વિભાગમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયામામાં હાલે કાર્યરત છે જેમાં તમામ ઓનલાઈન એડમીશન ની આવક જમા થાય છે તે ચાલુ ખાતુ છે જેમાં વ્યાજની રકમ મળતી નથીજેમાંપરિક્ષા,સેલ્ફફાઈનાન્સ,રેગ્યુલર વિદ્યાર્થીની આવક જમા થાય છે જેના ખરેખર સેવીગ એકાઉન્ટ અલગ અલગયુનિયન બેંક માં છે જેમાં વ્યાજની રકમ મળે તેમાં લમસમ રકમ આશરે રૂ.૬,૦૦,૦૦,૦૦/–(છ કરોડ) જેટલી રકમ યુનિયનબેંક ના સેવીગ એકાઉન્ટ નં.૮૦૫૪૧૮ માં ટ્રાન્સફર કરવા માટે રજુઆત.

**<u>ઠરાવ : ૬.૨ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,ઓન લાઈન ફીની રકમ જે બેંક ખાતામા જમા કરાવવામા અવે છે તે ખાતામાં વધુમાં વધુ રૂા.૨,૦૦,૦૦૦/– અંકે**

**રૂપિયા બે લાખથી ઉપર રકમ જમા થાય ત્યારે તે વધારાની રકમ એજ ખાતામાં સ્થાઈ કરવા માટે ફ્લેક્સી પધ્ધતિથી રકમ બાંધી મુદ્દતની થાપણમાં પરિવર્તત કરવી જેથી યોગ્ય વ્યાજની રકમ મળી રહે.**

**બાબત–૩** : યુનિવર્સિટીના રેગ્યુલર મહેકમ ઉપર કામ કરતા બિનશૈક્ષણિક કર્મચારી કુ.દક્ષા ડી.જોષી ના બ્રેસ્ટ કેંસર ના બિલો રજુ કરેલ છે જે આશરે ૬ લાખ ના થવા જાય છે જેથી શિક્ષણવિભાગ માં મંજુરી માટે મુકવી.

**<u>ઠરાવ : ૬.૩ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સંબંધિત કર્મચારીનાં તબીબી બીલો સંદર્ભે રીએમ્બર્સ મેળવવા માટે નિયમાનુસાર શિક્ષણ વિભાગ,ગુજરાત રાજ્યને દરખાસ્ત રજૂ કરવી.**

**બાબત–૪** : : યુનિવર્સિટી ના એકાઉન્ટ વિભાગમાં હાલે એકાઉન્ટ ઓફિસર ન હોતા સરકારી હિસાબીઅધિકારી તરીકે રહી ચૂકેલ હોય એવા ગર્વમેન્ટ નિયમોના જાણકારને એડહોક ધોરણે નિમણૂક આપવાથી એ.જી અને લોકલફંડના ઓડિટ ના જવાબ તૈયાર કરવા તથા બિલોનિયમ મુજબ પાસ કરવા વગેરે માં ઉપયોગી થાય તે ખુબ જ જરૂરી થઈ ગયું છે કારણ કે હવે એકાઉન્ટ ના વ્યવહારો ઘણા જ વધી ગયા છે. સી.એ. ને માત્ર કન્સલટન્સી માટે જ નિમણૂક આપવી જે અત્યાર સુધી આ રીતે કરતા આવ્યા છીએ.

**<u>ઠરાવ : ૬.૪ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઉકત વિગતે યોગ્ય લાયકાત ધરાવતા એકાઉન્ટ ઓફિસરની નિમણૂંક કરાર આધારિત પધ્ધતિ અન્વયે છ માસ માટે માસિક ફીક્ષ પગારથી કરવા કાર્યવાહી હાથ ધરવી.**

**બાબત–૫** ઓગષ્ટ ૨૦૧૮ માં બિનશૈક્ષણિક કર્મચારીઓના ૧૦% નો પગાર વધારો કરવામાં આવેલ પરંતુ ઈલેકટ્રિશીયન,માળી,પ્લંબર,ગર્લ્સ હોસ્ટેલ તથા બોયસ હોસ્ટેલ ના કર્મચારીઓનો બેઝીક નકકી થયેલ ન હોવાથી પગારમાં વધારો થયેલ નથી જેથી આ બાબતે વધારો કરવા અંગે

**<u>ઠરાવ : ૬.૫ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સદર બાબત પગાર વધારા સમિતિનાં અહેવાલ સાથે ફેર રજૂ કરવી.**

**બાબત–૬** હિસાબી શાખા માં બે કલાર્ક આઉટસોર્સીગ થી ફરજ બજાવતા હતા તેઓ ને છુટા કર્યા બાદ કોઈ કર્મચારી ની ફાળવવામાં આવેલ નથી આથી સ્ટાફ ઘટના કારણે સમય મર્યાદામાં કામગીરી કરવામાં મુશ્કેલી ઉભી થાય છે આથી સ્ટાફ ઘટ નીવારવા અંગે..

**<u>ઠરાવ : ૬.૬ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, હાલના તબક્કે યથા પરિસ્થિતિ જાળવી રાખવી.**

**બાબત–૭** યુનિવર્સિટીના શૈક્ષણિક સ્ટાફ ને ચૂકવવાનું થતું સાતમા પગારપંચ નું શિક્ષણ વિભાગ ના ઠરાવ ક્રમાંક CHE/ISC-7/2019/DT.12/07/2019 મુજબ યુનિ.ના સ્ટેચ્યુટસ,રુલ્સ કે રેગ્યુલેશન વિગેરેમાં સુધારો કરવા માટેની કાર્યવાહી કરવી તથા નકલ શિક્ષણ વિભાગમાં મુકવી.

**ઠરાવ : ૬.૭ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે સંબંધિત નિતી–નિયમોમાં યોગ્ય સૂધારા– વધારા કરવા યોગ્ય કાર્યવાહી હાથ ધરવી અને શિક્ષણ વિભાગ,ગુજરાત રાજ્યનાં તા.૧૨/૭/૧૯નાં ઠરાવનું પરિપાલન કરવું.

બાબત–૮ યુનિવર્સિટીના કરારઆધારિત બિનશૈક્ષણિક કર્મચારીના પગારમાંથી ઈ.પી.એફ. ની કપાત બાબતે જે કેસ દાખલ થયેલ છે તે અનુસંધાને કર્મચારી સાઈડના ઈ.પી.એફ ની રકમ નું ચૂકવણું કરવા માટે પી.એફ. ડિપાર્ટમેન્ટ તરફથી નોટીસ આવેલ છે જે અંગે ચૂકવણું કરવું કે કેમ અથવા અપીલ માં જાવુ કે કેમ તે અંગે નિર્ણય અર્થે..

**ઠરાવ : ૬.૮ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સંબંધિત તમામ સ્ટાફ પાસેથી ઈપીએફ સંબંધે વર્ષ ૨૦૦૬ની અસરથી સ્ટાફે ભરવાપાત્ર ફાળાની રકમ તેઓ પાસેથી વસૂલવી અને તે માટે સ્ટાફ પાસેથી બાંહેધરી મેળવવી જો, નિયત સમય મર્યાદામા બાહંધરી ન આપે તો, તેઓ પોતાનો ફાળો ભરવા તેયાર છે તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવી.

વધુમાં, લેબર એડવાઈઝર તારીકે વકીલ શ્રી શાંતિલાલ રાઠોડની નિમણૂંક કરવી અને ઈપીએફ સંબંધે આગળની કાર્યવાહી સંબંધે અપીલમાં જવુ અને સદર કાર્યવાહી હાથ ધરવા માટે વકીલશ્રી વાય.સી.રાજયગુરુ,રાજકોટની નિયુક્તિ કરવી.

**૭. મહેકમ શાખાની તા.૨૭/૮/૧૯ના રોજની નોંધ બાબત :**

મહેકમ શાખાની તા.૨૭/૮/૧૯ની આ સાથે સામેલ નોંધ મુજબ શૈક્ષણિક સ્ટાફને કેરીયર એડવાન્સ સ્કીમ અંર્તગત સ્ક્રીનીંગ સમિતિએ રજૂ કરેલ અહેવાલ અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૭ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક સ્ટાફને કેરીયર એડવાન્સ સ્કીમ અંર્તગત આપવાપાત્ર વધારાના ગ્રેડ સંબંધે સ્ક્રીનીંગ કમિટિએ રજૂ કરેલ ભલામણ મુજબ નીચેની વિગતે અમલીકરણમાં મૂકવો .

| ક્રમ | નામ અને હોદ્દો | જુનો ગ્રેડ | નવો ગ્રેડ અને લાગુ પડયા તારીખ |
|---|---|---|---|
| ૧ | ડૉ. વી.આર.રામ –આસિ.પ્રોફે | ૭,૦૦૦/– | ૮,૦૦૦/– તા. ૨૩/૦૪/૧૯ થી |
| ૨ | ડૉ. પી.કે.ઠાકર –આસિ.પ્રોફે | ૭,૦૦૦/– | ૮,૦૦૦/– તા. ૧૭/૦૬/૧૯ થી |

**૮. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

**(૧) હાઈપાવર કમિટિની રચના કાર્યવાહી બહાલ રાખવા બાબત :**

આગામી તારીખ ૪થી ઓક્ટોમ્બર ૨૦૧૯નાં રોજ યોજાનાર પદવી સમારોહનાં સફળ અને સુચારૂ સંચાલન અને તાકીદની સેવાઓ સંબંધે નિર્ણય અર્થે હાઈપાવર કમિટિની રચના માનનીય કાર્યકારી કુલપતિશ્રી દ્વારા તા.૧૯/૦૮/૧૯ ના રોજની નોંધથી કરવામા આવેલ છે તે કાર્યવાહીને બહાલ રાખવા માટે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો

**ઠરાવ : ૮. :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીની તા.૧૯/૦૮/૧૯ના રોજની નોંધ અન્વયે હાઈપાવર કમિટિની કરવામા આવેલ નિયુક્તિને આથી બહાલ રાખવામા આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

---

**કુલસચિવ**
ઈ/ચા કુલસચિવ
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.